ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૨૧૨૬૨-૨૯-૭

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જે.એમ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા.૧૯/૧૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય: રાજ્યની સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. પ્રવાસી શિક્ષકો બાબત.

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ, તા.૨૧/૧૨/૨૦૧૫
(2) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ તા.૧૭/3/૨૦૨૦
(3) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ તા.૧૮/૧૧/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભદર્શિત ઠરાવ-3થી કોરોના (COVID-19)ની વૈશ્વિક મહામારીના કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય તા.૨૩/૧૧/૨૦૨૦થી પુન: શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી પ્રવાસી શિક્ષકોની માનદ વેતનથી સેવા લેવાની જોગવાઈ થયેલ છે અને શિક્ષણ વિભાગના તા.૧૭/3/૨૦૨૦ના ઠરાવથી પ્રવાસી શિક્ષકોની યોજનાને તા.3૧/3/૨૦૨૧ સુધી લંબાવેલ છે.

રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક જે શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ હોય તેવી શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ તથા વખતોવખત થયેલ ઠરાવની જોગવાઇઓ અનુસાર પ્રવાસી શિક્ષકો તા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજથી ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા અંગે જણાવવામાં આવે છે.

તા.૨૩/૧૧/૨૦૨૦ના રોજ શાળાઓ પુન: શરૂ થતાં તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવની જોગવાઈઓ અન્વયે શાળાઓમાં પ્રવાસી શિક્ષકો ઉપલબ્ધ ન થતા જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની અંગત જવાબદારી રહેશે. જેની નોંધ લેશો.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર